GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# 21 મી સદીના પરિપ્રેક્ષ્યમાં - ભારતના રાષ્ટ્રીય નેતાઓ

**Dr. Akta Mehta, Arjun Dave**

Assistant Professor
9429416716
**mehtaakta@gmail.com**

Advocate

***Abstract***

*ભારતના રાષ્ટ્રીય નેતાઓ ૨૧મી સદીના સંદર્ભમાં સમજવા હોય તો બે બાબત સૌથી પહેલા સમજવી પડે, એક તો ભારતના રાષ્ટ્રીય નેતાઓ કોણ અને ૨૧મી સદી ની સાપેક્ષ હોવું. તિલક હોય કે ગોખલે, ગાંધી હોય કે સુભાષ, સરદાર હોય કે નહેરુ, ભગતસિંહ હોય કે આંબેડકર, લક્ષ્મીબાઇ હોય કે બેગમ હઝરતમહલ, મંગળ પાંડે હોય કે ટીપુ સુલ્તાન દરેક રાષ્ટ્રીય નેતાએ પોતાના દ્રષ્ટિકોણથી આ રાષ્ટ્રનું ઘડતર કર્યું છે. આપણે એવું ઇચ્છતા થઈ ગયા કે આપણાં રાષ્ટ્રીય નેતાઓ જે આપણી વિભાવના છે એવા હોવા જોઈએ, નહીં કે એ જેવા હતા તેના આધાર પર આપણી વિભાવના ઊભી કરીએ આપણે. સમાજ, લિંગ, જાતિ, ધર્મ, પ્રાંત કે કોઈ ભાષાનો નોહતો આમાંનો એક પણ નેતા. એમણે સમષ્ટિની વાત કરી, અને આપણે એમને સીમિત કરી નાખ્યા. અને અંહિયાથી આપણાં વિષયની શરૂઆત થાય છે.*

***Keywords:*** *અખંડિત, રાષ્ટ્ર, નેતૃત્વ, સામ્યવાદ, રાષ્ટ્રવાદ*

ભારતના રાષ્ટ્રીય નેતાઓ ૨૧મી સદીના સંદર્ભમાં સમજવા હોય તો બે બાબત સૌથી પહેલા સમજવી પડે, એક તો ભારતના રાષ્ટ્રીય નેતાઓ કોણ અને ૨૧મી સદી ની સાપેક્ષ હોવું. ભારત એક સળંગ ઇતિહાસનું સાક્ષી એવું એક રાષ્ટ્ર છે, જેણે નેતૃત્વને જાગૃત પણ કર્યું છે, તે જ નેતૃત્વનો સહારો પણ લીધો છે અને એ જ નેતૃત્વનો અસ્ત પણ જોયો છે અને એમ કરતાં કરતાં ભારત એકવીસમી સદીમાં પહોંચ્યું છે. એક રાષ્ટ્ર તરીકે ભારત યુવાનીમાં પહોંચ્યું છે, પણ એમાં રહેલ સમાજ એ નદીની માફક વહેતો રહે છે, નદી એ જ છે પણ અંદર નું માણસ નામે પાણી બદલાતું રહે છે. અને આ નવોન્મેશથી ભરેલો સમાજ દરેક પરિમાણને પોતાની નજરથી જુવે છે, જેમાં નજર નવીન છે પણ નજરીઓ પુરાતન છે. એક પંક્તિ છે

“તંત્ર હૈ નુતન ભલે હી, ચીર પુરાતન સાધના, સંઘમેં સાકર અનગીન હૈ યુગો કી કલ્પના.”

આ યુગોની કલ્પના જે છે તેણે જ ભારતને તેના રાષ્ટ્રીય નેતાઓ આપ્યા. તિલક હોય કે ગોખલે, ગાંધી હોય કે સુભાષ, સરદાર હોય કે નહેરુ, ભગતસિંહ હોય કે આંબેડકર, લક્ષ્મીબાઇ હોય કે બેગમ હઝરતમહલ, મંગળ પાંડે હોય કે ટીપુ સુલ્તાન દરેક રાષ્ટ્રીય નેતાએ પોતાના દ્રષ્ટિકોણથી આ રાષ્ટ્રનું ઘડતર કર્યું છે. સમાજ, લિંગ, જાતિ, ધર્મ, પ્રાંત કે કોઈ ભાષાનો નોહતો આમાંનો એક પણ નેતા. એમણે સમષ્ટિની વાત કરી, અને આપણે એમને સીમિત કરી નાખ્યા. અને અંહિયાથી આપણાં વિષયની શરૂઆત થાય છે.

અત્યારના ભારતને દરેક બાબતને ખંડ ખંડ કરીને જોવાની આદત પડી ગઈ છે. મારી સીમિત દ્રષ્ટિને જે દેખાય તે જ સાચું અને તેને જ સત્ય માનીને તર્કનું સર્જન કરવું. અને જો ત્યાર પછી મારા તર્કથી કશુક વિપરીત એ જ દ્રશ્યમાં દેખાય તો તેનો અસ્વીકાર કરવો કે ક્યારેક ક્યારેક વિરોધ પણ કરવો. આ વૃત્તિએ આ દેશના પ્રત્યેક નાગરિકના રાષ્ટ્રીય નેતાઓ પ્રત્યેના અભિગમને સંકુચિત કરી નાખ્યો છે. પ્રત્યેક રાષ્ટ્રનેતા કોઈ એક ધર્મ કે જાતિ કે પ્રાંત વિશેષના રહી ગયા છે.

નાના હતા ત્યારે એક વાર્તા સાંભળેલી કે એક ગામમાં હાથી આવ્યો, થોડા પ્રજ્ઞાચક્ષુઓનું ટોળુ ભેગું થયું અને હાથી કેવો છે એ વિષે ચર્ચા કરવા લાગ્યું, જેણે હાથીનો પગ પકડ્યો હતો તેને હાથી થાંભલા જેવો લાગ્યો અને જેણે પેટ અડયું હતું તેને દીવાલ જેવો લાગ્યો, તો સૂંઢ પકડી હતી તેને રબર ની નળી જેવો લાગ્યો, પણ હાથી ખરેખર હાથી જેવો

https://www.gapbhasha.org/

જ હતો. આપણી હાલત કઈંક આવી છે.

આપણે એવું ઇચ્છતા થઈ ગયા કે આપણાં રાષ્ટ્રીય નેતાઓ જે આપણી વિભાવના છે એવા હોવા જોઈએ, નહીં કે એ જેવા હતા તેના આધાર પર આપણી વિભાવના ઊભી કરીએ આપણે. આના થી નુકસાન એ ગયું કે એમની પ્રસંશા તો કરીએ છીએ, ક્યાક ક્યાક તો પૂજા પણ કરીએ છીએ, પણ એમની જે ખરેખર માનવા જેવી વાતો છે એ નથી ઇંપ્લીમેંટેશનમાં લાવી શકતા.

ભગત સિંહની રાષ્ટ્રભક્તિ તો ગમે છે પણ જ્યારે એ નાસ્તિક હોવાની વાત કરે છે તો કોઈ કોઈ ને એ વાત ગળે નથી ઊતરતી, તો સુભાષબાબુની ઇંડિયન નેશનલ આર્મીના નેતૃત્વની વાત રંગે ચંગે કરીએ છીએ પણ એ રશિયન સામ્યવાદના આંશિક સમર્થક હતા એ વાત ઘણાને ગળે નથી ઊતરતી. આજે પણ સરદાર અને નહેરુ બંને માંથી કોણ શ્રેષ્ઠ એ વાત ને લઈ ને "જો… અને તો…."ની માથાકૂટ આપણે મૂકી નથી શક્યા. કદાચ આપણ ઇતિહાસ શીખવા ને બદલે ઇતિહાસમાંથી શીખીએ તો કશુંક વધુ સ્પષ્ટ ચિત્ર રચી શકીએ.

જો કે આ રીતે રાષ્ટ્રીય નેતૃત્વને મૂલવવામાં એક ફાયદો પણ થયો છે કે, જે વ્યક્તિ સર્વાંગી અવલોકન કરવાની સંકલ્પના ધરાવતો હોય, તેને આ વ્યક્તિત્વોના સબળા અને નબળાં બંને પાસાઑ વિષે જાણવા મળે છે અને એમાંથી કદાચ નવનેતૃત્વનું વધુ સારું સર્જન થઈ શકે ! જેમ કે ગાંધીજી ની ગ્રામ્ય સ્વરાજ ની કલ્પના અને એમાં સરદારના મૂડીવાદબાજુ સહેજ ઢળતા વિચારો ભળે, અને એમાં ઉદ્યોગોને સંયમીત રાખવા સુભાષબાબુ કે ભગતસિંહ નો સામ્યવાદ બાજુ નો ઝુકાવ ભળે, અને આ આખી વ્યવસ્થા નહેરૂના સમાજવાદના પાયા ના સિધાન્તને પણ સ્વીકારે તો બની શકે કે વધુ ઉપયુક્ત વ્યવસ્થા આપણી પાસે આવી શકે.

આ તો વાત થઈ રાજકીય વિચારધારાની, આ જ રીતે સામાજિક, આર્થિક અને સાંસ્કુતિક વિચારધારા નું પણ આપણે આગળ વિહંગાવલોકન કરવું જરૂરી છે. જેમ મનુષ્ય માટે રોટી કપડાં અને મકાન એ મૂળભૂત જરૂરિયાત છે એમ રાજ્ય માટે સામાજિક આર્થિક અને સાંસ્કુતિક બાબતો પાયાની જરૂરિયાત છે.

સામાજિક પરિપ્રેક્ષમાં વાત કરીએ તો, લગભગ આપણાં બધા રાષ્ટ્રીય નેતાઓ સ્વીકાર્ય છે. એ પછી સમાજનું આધ્યાત્મિક ઉત્થાન હોય ત્યારે વિવેકાનંદ અને અરવિંદ જેવા જેણે દેશને આધ્યાત્મિક ઊંચાઈ આપી અને એ પણ સૌથી વધુ પ્રેક્ટિકલ વેમાં જેથી આધ્યાત્મ પાંગળું ન બને, કે પછી નીતિગત ઉત્થાન હોય જ્યાં રાજા રામમોહન રોયે વિધવા પુનઃ વિવાહ કરાવવા કે સતીપ્રથાને નાબૂત કરવા જે કવાયત હાથ ધરી ને સમાજ નો વિરોધ સહન કર્યો, કે સાવિત્રીબાઈ ફુલે જેણે વંચિત મહિલાઓમાં શિક્ષણ વધે એ માટે છાણ અને પત્થર નો માર પણ સહન કર્યો, કે ભાવગત ઉત્થાન હોય ત્યારે મેઘાણી જેવાઓ જેણે રાષ્ટ્રના લોકો ને ભાવના આપી જેથી કર્મ રાષ્ટ્ર તરફી બને, અને નિતાંત રાષ્ટ્રપ્રેમ કેળવાય સમાજમાં. આ એ બધા ઉદાહરણો છે અનેકમાંના જેમણે હર એક બાબતમાં સમાજ ને રાહ ચીંધી છે.

આ નેતાઓને સમાજે પણ થોડી આનાકાની કરતાં કરતાં સ્વીકાર્ય કર્યા અને સમયાંતરે એમણે બતાવેલ રાહ પર ચાલવાનું શરૂ કર્યું છે. જ્યારે સામાજિક ઉત્થાન ની વાત આવી ત્યારે રાષ્ટ્રીય નેતાઓએ જાત રાષ્ટ્રયગ્નમાં હોમી છે. કારણ કે જ્યારે સમાજના માળખામાં ફેરફાર કરવામાં આવે છે ત્યારે સમાજના પ્રચંડ વિરોધનો સામનો કરવો પડે છે, અને આપણાં રાષ્ટ્રીય નેતાઓ સામે માત્ર સામાજિક ઉત્થાનની જ જવાબદારી નહોતી, સાથે સાથે દેશને આઝાદ પણ કરાવવાનો હતો, અને તેમ છતાં, મો. ક. ગાંધીજેવા અનેકોએ આ મહાકાર્યમાં પોતાનું યોગદાન આપ્યું. અને અમુક બાબતમાં તો સામાજિક નિર્દેશો એ માત્ર સામાજિક જ નહીં, આર્થિક, તાત્વિક, સાંસ્કુતિક એમ દરેક અર્થમાં ઉપયોગી હતા, જેમાં ગાંધીજીની સુધારણાઓ એ ઉદાહરણ સ્વરૂપ છે, જેમાં રેંટિયો કાંતવો એ સંજીક ઉત્થાન પણ હતું, કારણકે સ્વાવલંબન એ સૌથી મોટી નીતિગત, આર્થિક અને સાંસ્કુતિક જરૂરિયાત હતી. અને ગાંધીજી એ એક જ સાથે આ બધા પક્ષીઓની ભૂખ ભાંગી(કારણ કે ગાંધી એક કાંકરે પક્ષીઓને મારી ન શકે, એ નીતિગત રીતે એના માટે પણ ખોટું છે અને આપણાં માટે પણ) ગાંધીના એ પગલાંની અસર એ થઈ કે ખાદી જીવતી થઈ, જેથી ભારતની સાંસ્કુતિક ઓળખ ખોવાતા ખોવાતા રહી ગઈ, કારણ કે ભારત સુતરાઉ હાથવણાટ કાપડનું જનક છે, આર્થિક ફાયદો એ થયો કે આપણાં જ કપાસ ને સસ્તામાં ખરીદી, એને મિલ માં કાપડ બનાવી અને આપણને જ અંગ્રેજ મોંઘા ભાવે વેંચતા, એ આર્થિક ગુલામીમાંથી છૂટકારો મળ્યો. અને તાત્વિક મજબૂતાઈ એ મળી કે પ્રત્યેક વ્યક્તિ એક જ કાપડ પહેરતો, જેણે એકત્વની ભાવના કેળવી… આમ સામાજિક અનાગ પર આ નેતાઓની ભૂમિકા અકલ્પનીય રહી છે અને રહેશે.

https://www.gapbhasha.org/

હવે આવે છે વાત આર્થિક અંગની, જેનું એક ઉદાહરણ આપણે ખાદીના રૂપમાં જોયું. તો બીજો એક બનાવ યાદ આવે છે જ્યારે સ્વામી વિવેકાનંદ અને જમશેદજી ટાટા ભેગા થયા અને વિવેકાનંદએ ઈન્ડસ્ટ્રી સ્થાપવાના એક વિચારની વાવણી કરી ટાટામાં, અને એ વિચાર બીજ અત્યારે ટાટા ગ્રૂપ તરીકે એક વિશાળ વૃક્ષ બની ને ઊભું છે. આ તો એક ઉદાહરણ છે. જેથી આપણને એ ખ્યાલ આવે કે જે આધ્યાત્મિક ઉત્થાન માટે માથે એણે રાષ્ટ્રની આર્થિક મજબૂતી નું દર્શન પણ આપ્યું. ગાંધીનું 'ગ્રામ સ્વરાજ' હોય કે નહેરુના સમજવાદે સ્થાપવેલ પબ્લિક સેક્ટરના ઔધ્યોગિક એકમો હોય, આ દેશે આઝાદી મેળવ્યા પછી જે આરથી મજબૂતાઈ ટૂંક સમયમાં પ્રાપ્ત કરી છે એ કાબિલેદાદ છે. અર્થનું દર્શન એ આમ તો હિંદુસ્તાનના ડીએનએ માં છે. કારણ કે વૈદિક સંસ્કૃતિમાં જે ચાર પુરુષાર્થ છે એમાં ધર્મ પછીનું સ્થાન અર્થ ને આપવામાં આવ્યું છે. આથી આર્થિક વિષયોની વિચારધારા આપણાં રાષ્ટ્રનેતાઓ એ ગહન રીતે કરી છે અને આથી જ આઝાદીના ટૂંકા ગાળામાં આર્થિક સ્વાવલંબન તરફ આપણે આગળ વધી રહ્યા છીએ.

અને અંતે વાત આવે છે સાંસ્કૃતિક અંગની. આ બધા ઉપરના અંગો ભેગા થાય ત્યારે સંસ્કૃતિ બને છે રાષ્ટ્રની. વ્યાસના મહાભારત થી લઈને બચ્ચનના દીર્ઘ કાવ્ય મધુશાલા સુધી અને સિંધુખીણમાં સેથો પૂરેલ ઢીંગલીથી લઈ ને આજે પણ પૂરતા સેથા સુધી, ભારતની સંસ્કૃતિએ એક લાંબી મજલ કાપી છે. અને આપણાં રાષ્ટ્રીય નેતાઓએ એનું જતન કરવામાં જરા પણ કચાશ રાખી નથી. એ સંસ્કૃત વિદ્યાપીઠો ની જાળવણી હોય, સ્થાપના હોય કે ઉર્દુભાષા નું સરકારી મેગેઝીન શરૂ કરવાવવું હોય કે બંધારણના 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો'માં ગૌ વંશની રક્ષાનો રાજ્ય ને નિર્દેશ હોય અને 'વસૂધૈવ કુટુંબકમ'ની વિભાવનાને રજૂ કરતો યુનિફોર્મ સિવિલ કોડ હોય, દરેક સાંસ્કૃતિક બાબત ને જતન થી સાચવવાની કોશિશ કરી છે. સોમનાથનો જીર્ણોદ્ધાર હોય કે આપણાં પુરાતન મંદિરોની જાળવણી હોય. દરેક જીણી જીણી બાબતોની વ્યવસ્થાના નિર્દેશો આ રાષ્ટ્રીય નેતાઓએ કરીને આવનારા વર્ષોમાં પણ સંસ્કૃતિ જળવાઈ રહે તેની સુદીર્ઘ વ્યવસ્થા કરી ને આપણે હાથ આ દેશ સોંપ્યો છે.

હવે આપણી જવાદરી છે કે આ મહાન રાષ્ટ્ર અને તેના રાષ્ટ્ર પુરુષોને ખંડ ખંડ કરી ને વિભાજિત કરી નાખવા કે એમની સંપૂર્ણતાને અખંડિત રાખી અને નીરક્ષીર વિવેક જાળવી ને આ રાષ્ટ્રના રાજકીય, સામાજિક, આર્થિક, અને સાંસ્કૃતિક વારસાનું જતન, સંવર્ધન અને સર્જન કઈ રીતે ચલિત રાખવું. અંતે કિશોર દવેની પંક્તિ લખું છું...

હમે તો દૂર જાના હૈ, બહુત હી દૂર જાના હૈ.
હમારી અસ્મિતાથી જો, ઉસે વાપીસ હી લાના હૈ.

## સંદર્ભગ્રંથ

[1] મોહનદાસ કરમચંદ ગાંધી, સત્યના પ્રયોગો( આત્મકથા), નવજીવન પ્રકાશન, સપ્ટેમ્બર ૨૦૧૯
[2] સરલા જગમોહન (અનુવાદ), સ્વાધીનતા સંગ્રામ,નેશનલ બુક, આવૃત્તિ ૨૦૦૪
[3] ભગતસિંહ, મેં નાસ્તિક ક્યોં હું?, સાક્ષી પ્રકાશન, ૨૦૧૯
[4] જ્યોતિબા ફૂલે અને રાજા રામ મોહન રોય, વીકીપીડીયા

https://www.gapbhasha.org/